માન. અધ્યક્ષશ્રી ને મારા પ્રણામ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માંગુ છું.

માન અધ્યક્ષશ્રી,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ ચાલતી ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાની વાત કરું તો...

ડૉ. બાબાસાહેબ આંબેડકરને વિદેશમાં અભ્યાસ કરવા માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે લોન અને શિષ્યવૃતિ આપીને વિદેશમાં મોકલ્યા હતા. આ બાબતને લક્ષમાં લઈને આ સરકારે વિદેશ અભ્યાસ માટે લોનની યોજના દાખલ કરી હતી. અનુ.જાતિના તેજસ્વી વિધાર્થીઓ વિદેશમાં જઈને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આર્થિક મુંજવણો અનુભવતા હતા. વિદેશમાં અભ્યાસનો ખર્ચ, રહેવા જમવાનો ખર્ચ આ બધા માટે સગવડ કરવી ખૂબ મુશ્કેલ બાબત હતી.વર્ષ ૧૯૯૮-૯૯ માં ભા.જ.પ. સરકારે શરૂઆતમાં રૂ.૫.૦૦ લાખની લોન માત્ર ૪ ટકાના વ્યાજના દરે આપવાનું નક્કી કર્યું હતું. તેમાં બમણો વધારો કરીને રૂ.૧૦.૦૦ લાખ કર્યા હતા. તેમાં પણ વર્ષ ૨૦૧૪-૧૫માં વધારો કરીને હવે રૂ.૧૫.૦૦ લાખ કરવામાં આવ્યા છે.

માન અધ્યક્ષશ્રી,

છેલ્લા દસ વર્ષમાં રૂ.૩૨૨.૪૪ કરોડનો ખર્ચ કરી ૨૧૯૧ વિદ્યાર્થીઓને વિદેશ લોન આપવામાં આવેલ છે.

વિદેશ અભ્યાસ લોન યોજના માટે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૧૭૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૯૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

માન અધ્યક્ષશ્રી,

સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલની વાત કરું તો...

ગુજરાતનાં વિકાસ પુરુષ તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબએ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી ભાગ રૂપે સમરસ છાત્રાલયો બાંધવાનું નક્કી કરવા એક ઉમદા અભિગમ દાખવ્યો હતો. અને તે અભિગમ મુજબ રાજ્યની તમામ યુનિર્વસિટીના કેમ્પસમાં રહેવા-જમવાની અધતન સગવડવાળા જેમાં ઉત્તમ પ્રકારની લાઈબ્રેરી હોય,પ્રાથના ખંડ હોય તેવા ૧૦-૧૦ માળના હોસ્ટેલો બાંધવા આ હોસ્ટેલોમાં સામાજિક સમરસતાના ભાગરૂપે અનુસૂચિત જાતિ, આદિજાતિ, બક્ષીપંચ અને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ એકસાથે રહી શકશે.

માન અધ્યક્ષશ્રી,

આ સમરસ હોસ્ટેલોના બાંધકામો માટે રાજ્ય સરકારે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, ભુજ, જામનગર, હિંમતનગર અને પાટણમાં અનુ. જાતિ/ અનુ. જન જાતિ / ઓ.બી.સી. તથા આર્થિક રીતે પછાત વર્ગના એમ કુલ ૧૩,૦૦૦ છાત્રોને પ્રવેશ આપવામાં આવેલ છે.

માન અધ્યક્ષશ્રી,

ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની વાત કરું તો...

અનુસૂચિત જાતિ અને હિન્દુ ધર્મ પાળતા અનુસૂચિત જાતિ સિવાયની અન્ય વ્યક્તિ વચ્ચે ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ થી યુગલદીઠ રૂ.૨૫,૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂ. ૨૫,૦૦૦/- ઘરવખરીના સાધનો ખરીદવા એમ કુલ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) ની સહાય આપવામાં આવતી હતી.

વર્ષ ૨૦૧૭-૧૮ થી રૂ.૫૦,૦૦૦/- સહાયમાં વધારો કરી રૂ.૧.૦૦ લાખ ની સહાય આપવામાં આવે છે,જેમાં રૂ.૫૦,૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂ.૫૦,૦૦૦/- ઘરવખરી ખરીદવા સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં સુધારો કરી રૂ.૧,૦૦,૦૦૦/- ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂ.૧,૫૦,૦૦૦/- ઘરવખરી ખરીદવા કુલ રૂ.૨,૫૦,૦૦૦/- (રૂપિયા બે લાખ

પચાસ હજાર પૂરા) ની સહાય આપવામાં આવે છે,આ ઉઓજનમાં કોઈ વાર્ષિક આવક મર્યાદા નથી.

વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૨૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

છેલ્લા દસ વર્ષમાં રૂ.૫૬.૩૫ કરોડનો ખર્ચ કરી ૭૨૪૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

માન અધ્યક્ષશ્રી,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ ચાલતી કુંવરબાઈનું મામેરૂ યોજનાની વાત કરું તો...

અનુસૂચિત જાતિના ગરીબ પરિવારોમાં દિકરી મોટી થાય પરણવા લાયક થાય ત્યારે ગરીબ માં-બાપની ચિંતા વધી જતી હોય છે,દેવું કરીને પણ દિકરીના પ્રસંગો કાઢવા પડે છે. આવા ગરીબ પરિવારોને તેમની દીકરીના લગ્ન પ્રંસગે સરકાર કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય કરે છે.

વર્ષ ૧૯૯૫ થી અનુસૂચિત જાતિની કન્યાઓના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ ઉપજન હેઠળ આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર કુંવરબાઈ નું મામેરૂ યોજના અમલમાં મુકેલ છે. આ યોજના હેઠળ રૂ.૫,૦૦૦/- ની સહાય આપવામાં આવતી હતી.

આ યોજનામાં વર્ષ ૨૦૧૨-૧૩ થી બમણો વધારો કરીને રૂ.૧૦,000/- ની સહાય તથા વર્ષ ૨૦૧૪-૧૫ થી એક દિકરીના બદલે બે દીકરીસુધી સહાય આપવાનો નિર્ણય પણ આ સરકારે કર્યો છે.

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂ.૧૦,000/- સહાયમાં રૂ.૨000/- નો વધારો કરી રૂ.૧૨,000/- સહાય આપવાનો નિર્ણય કરેલ છે.

આ યોજનામાં રૂ.૬.00 લાખ વાર્ષિક આવક મર્યાદા છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૧૫.00 કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

છેલ્લા દસ વર્ષમાં રૂ, મામેરૂ.૭૧.૩૮ કરોડનો ખર્ચ કરી ૬૮૭૮૫ (અડસઠ હજાર સાતસો પંચાસી) કન્યાઓને લાભ આપવામાં આવેલ છે.